## સારાંશ

## ટીપીએલ-ડી(ડી) દ્વારા (કેસ નંબર ૨૩૨૫/૨૦૨૪) માનનીય કમીશન સમક્ષ

## દાખલ કરવામાં આવેલી અરજી

## ટોરેન્ટ પાવર લીમીટેડ– દહેજ સપ્લાય એરિયા

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી(ડી) એ આ અરજી માનનીય કમિશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

૧. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆરનું ટ્રું અપ અને નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ ફાયદા / નુકશાનની વહેંચણી

૨. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે એઆરઆરનુ નિર્ધારણ

૩. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની ખાધ/ પુરાંતનુ નિર્ધારણ

૪. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિજદરનું નિર્ધારણ

### નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ટ્રુ-અપ

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ટીપીએલ-ડી(ડી) ના એઆરઆરની મંજુરી તા.૩૧ માર્ચ, ૨૦૨૨ ના ઓર્ડર (કેસ નંબર ૨૦૩૫/૨૦૨૧) દ્વારા આપી છે. જે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના અનુમાનો પર આધારિત હતી. એઆરઆરની મંજુરી નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારિત છે.

૧.૩ ટીપીએલ-ડી(ડી) એ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬, મુજબ માનનીય કમિશનના તા.૩૧ માર્ચ, ૨૦૨૨ ના ઓર્ડરના (કેસ નંબર ૨૦૩૫/૨૦૨૧ ) આધારે ટ્રુ અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ- ડી(ડી) એ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડ ધ્યાનમાં લીધેલ છે:

a) વીજળીની ખરીદી મિશ્રણ, જથ્થા અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમાં થતો બદલાવ

b) ફીક્સડ ખર્ચા, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, ઘસારો, વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, આવક વેરો અને નોન-ટેરીફ આવકમાં થતા બદલાવ

c) નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને ફાયદા /નુકશાન ની વહેંચણી

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વીજળીની જરુરીયાત વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક વીજ વિતરણ

લોસ ૫ર આધારિત છે. દહેજ પુરવઠા વિસ્તારનુ વેચાણ ૭૧૧.૦૭ એમયુ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૦.૪૮ ટકા થયેલ છે.

૧.૬ ટ્રુડ-અપ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચા અને તા.૩૧ માર્ચ ૨૦૨૨ ના ઓર્ડર ના (કેસ નંબર ૨૦૩૫/૨૦૨૧) મુજબ મંજુર કરેલ ખર્ચાને ધ્યાનમાં લઇને કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને સ્ત્રોતમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રિત છે અને તે મુજબ, તે એઆરઆરમાં ધ્યાને લેવામાં આવેલ છે. દહેજ સપ્લાય વિસ્તારનો વીજ વિતરણ લોસ મંજુર થયેલા વિતરણ લોસની સરખામણીમાં નજીવો બદલાવ થયેલ છે. દહેજ સપ્લાય વિસ્તારનો ઓ એન્ડ એમ ખર્ચમાં તા.૩૧ માર્ચ, ૨૦૨૨ ના ઓર્ડર (કેસ નંબર ૨૦૩૫/૨૦૨૧) દ્વારા મંજુર થયેલા ઓ એન્ડ એમ ખર્ચની સરખામણીમાં વધારો થયેલ છે.

૧.૭ દહેજ સપ્લાય વિસ્તારના અન્ય ફીક્સ્ડ ખર્ચાઓ જેમ કે વ્યાજ ખર્ચ, ઘસારો, ઇક્વિટી ૫ર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન-ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ-અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે ફાયદા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ-અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુડ-અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૨૨-૨૩ માટે દહેજ સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રુ.કરોડમાં | | |
|---|---|---|
| ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૨૯૭.૫૧ |
| અનિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (બી) | (૧૬૩.૧૨) |
| નિયંત્રીત પરિબળોને કારણે ફાયદા(નુકશાન) | (સી) | - |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/3 સી) | ૧૬૩.૧૨ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૪૬૦.૬૩ |

૧.૮ ટીપીએલ-ડી(ડી) જણાવે છે કે જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષની ખાધ/(પુરાંત)ની વસૂલાત માનનીય કમિશનના ૦૧ એપ્રિલ, ૨૦૨૨ ના ઓર્ડર મુજબ રુ ૨.૯૦ કરોડ થાય છે. તદનુસાર, ટીપીએલ-ડી(ડી) દ્વારા તેને ધ્યાને લીધેલ છે.

૧.૯ આમ ઉ૫ર મુજબ ટ્રુ-અપ થયેલા એઆરઆરની સરખામણી વાસ્તવિક વીજળીના વેચાણની આવકમાં અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ને ધ્યાને લીધા બાદ તારવેલી આવક સાથે કરી નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની ખાધ/પુરાંત તારવવામાં આવી છે. જે નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૨૨-૨૩ માટે દહેજ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)

| રૂ.કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| **ટ્રુ-અપ એઆરઆર** | **૪૬૦.૬૩** |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૪૩૭.૭૯ |
| બાદઃ અગાઉના વર્ષોના મંજૂર ખાધ/(પુરાંત)ની વસૂલાત થી થયેલ આવક | ૨.૯૦ |
| **બાકીની આવક** | **૪૩૪.૮૯** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૨૫.૭૪** |

૧.૧૦ ટીપીએલ-ડી(ડી) માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે એઆરઆર**

૧.૧૧ માનનીય કમિશને તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૩ ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ ટીપીએલ-ડી(ડી)એ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ની જોગવાઇઓ અનુસાર દહેજ સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરેલ છે.

૧.૧૨ અંદાજીત એઆરઆર નીચેના અનુમાનો પર આધારિત છેઃ

એ) <u>વીજ વેચાણના અંદાજો:</u> ગ્રાહકોના અંદાજીત ડેવલપમેન્ટ પ્લાન મુજબ તેમના વીજભાર અને વીજ વપરાશની અંદાજીત માહિતીના આધારે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના અંદાજીત વીજ વેચાણ તારવવામાં આવેલ છે.

બી) <u>વીજ વિતરણ લોસ</u>ઃ મીનીસ્ટ્રી ઓફ પાવરનાં (એમઓપી) નિયમો દ્વારા નિર્ધારિત સિધ્ધાંતો અનુસાર વીજ વિતરણ લોસને ધ્યાને લીધેલ છે.

સી) <u>વીજ ખરીદી ખર્ચ</u>. ટીપીએલ-ડી(ડી) વીજ જરૂરીઆતને પહોંચી વળવા માટે ડીજેન પ્રોજેક્ટ સાથે લાંબા ગાળાની વીજ ખરીદીની વ્યવસ્થા કરેલ છે. પરંતુ, વીજળીની માંગ ડીજેન પ્રોજેક્ટમાંથી વીજળીની ખરીદી કરવા યોગ્ય સ્તરે પહોંચી ન હોવાથી, ટીપીએલડી(ડી)એ ડીજેન પ્રોજેક્ટમાંથી વીજળીની ખરીદી કરવાની દરખાસ્ત કરી નથી. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ટીપીએલ-ડી(ડી)એ વીજ જરૂરીઆત દ્વિપક્ષીય કરાર/ પાવર એક્ષચેન્જ અને પુન:પ્રાપ્ય (રીન્યુએબલ) ઉર્જા સ્ત્રોતો દ્વારા પુરી કરવા દરખાસ્ત કરેલ છે.

ડી) <u>મૂડી ખર્ચ યોજના:</u> ગ્રાહકોની માંગને પહોંચી વળવા તેમજ વિશ્વસનીય અને ગુણવત્તાયુક્ત વીજળી આપવાના હેતુથી ટીપીએલે વીજ વિતરણ નેટવર્કના વિકાસ માટે યોગ્ય મૂડી રોકાણ ની યોજના બનાવી છે. દહેજ સપ્લાય એરિયાના મહત્વના મૂડી ખર્ચમાં ઇએચવી યોજનાઓ , એચટી યોજનાઓ એલટી નેટવર્ક યોજનાઓ, અને મીટરિંગ, ગ્રાહક સેવાઓ, આઇટી, સિવિલ વગેરેનો સમાવેશ થાય છે.

ઇ) <u>ઓ એન્ડ એમ ખર્ચ</u>: દહેજ એસઇઝેડ વિકાસના તબક્કે છે. ટીપીએલ-ડી(ડી) એ વેચાણમાં વધારા અને તેના ગ્રાહકોને વિશ્વસનીય અને ગુણવતાયુક્ત વીજળી પૂરી પાડવાની જરૂરિયાતને ધ્યાને લઇ ઓ એન્ડ એમ પ્રવૃતિઓમા વધારાને આધારે ઓ એન્ડ એમ ખર્ચનો અંદાજ લગાવ્યો છે.

ફ) ઘસારો , વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર વગેરેની ગણતરી લાગુ પડતા રેગ્યુલેશન્સ અનુસાર કરવામાં આવી છે.

૧.૧૩ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે દહેજ સપ્લાય એરિયા માટે નિર્ધારિત એઆરઆર નીચે કોષ્ટકમાં આપેલા છે

**કોષ્ટક ૩: નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે દહેજ સપ્લાય વિસ્તારના એઆરઆર**

| રુ.કરોડમાં | નાંણાકિય વર્ષ ૨૦૨૪-૨૫ |
|---|---|
| પાવર પરચેઝ | ૫૦૩.૪૮ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૩.૩૧ |
| ઘસારો | ૭.૯૯ |
| વ્યાજ ખર્ચ | ૩.૮૫ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | ૦.૩૪ |
| સીક્યોરીટી ડિપોસીટ પર વ્યાજ | ૩.૦૩ |
| ઘાલખાધ | - |
| કન્ટિન્જસી રીઝર્વ | ૧.૦૬ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર | ૭.૧૧ |
| આવક વેરો | ૦.૮૦ |
| બાદ: બિન-ટેરિફ આવક | ૩.૬૮ |
| એઆરઆર | **૫૩૭.૩૦** |

૧.૧૪ ટીપીએલ-ડી(ડી) વધુમાં જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૨ અનુસાર દહેજ સપ્લાય વિસ્તાર માટે નિયંત્રીત સમયગાળા માટેની ડીએસએમ યોજના માનનીય કમીશન સમક્ષ રજુ કરવા દર્શાવેલ છે. ટીપીએલ-ડી(ડી) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી શરુ થતા સમયગાળા માટેના ડિએસએમ પ્લાનની જરુરી રજુઆત કરશે તેમજ વાસ્તવિક ડીએસએમ ખર્ચની વસૂલાત માટે ટ્રુઇંગ અપ અરજીમાં દરખાસ્ત કરશે.

**નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ ઃ**

૧.૧૫ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે માનનીય કમીશને રૂ ૪.૬૯ પ્રતિ યુનીટ ના બેઝ વીજ ખરીદ ખર્ચ અને રૂ ૧.૧૭ પ્રતિ યુનીટના બેઝ એફપીપીપીએ મંજુર કરેલ છે. બેઝ વીજ ખરીદ ખર્ચ રૂ ૪.૬૯ પ્રતિ યુનીટ ની સામે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે અંદાજીત સરેરાશ વીજ ખરીદી ખર્ચ રૂ. ૫.૮૧ પ્રતિ યુનીટ થાય છે. આમ પીપીસીમાં એડજસ્ટમેન્ટ કર્યા પછી સુધારેલા બેઝ એફપીપીએ રૂ. ૨.૨૮ પ્રતિ યુનીટ થાય છે.નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ની અંદાજીત આવક રૂ ૨.૨૮ પ્રતિ યુનીટના સુધારેલા એફપીપીપીએ ને ધ્યાને લઇ ગણવા માં આવેલ છે.

૧.૧૬ સુધારેલા બેઝ એફપીપીપીએ સહિત હાલના વીજદરે અંદાજીત વીજ વેચાણ ઉપર અંદાજીત કરેલ આવક અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે દહેજ પૂરવઠા વિસ્તારના આવકની ખાધ /(પુરાંત)**

| રુ.કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૫૩૭.૩૦ |
| બાદ ઃ | |
| વર્તમાન વીજદર સાથેના સુધારેલા એફપીપીપીએ સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૫૩૩.૪૭ |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૩.૮૩** |

૧.૧૭ ટીપીએલ-ડી(ડી)એ માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૮ ટીપીએલ-ડી(ડી) એ કેરીંગ કોષ્ટ ની ગણતરી કરી છે.

૧.૧૯ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના દર નિર્ધારણ માટેની આવકની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના દર નિર્ધારણ માટે દહેજ પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રુ.કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ખાધ/(પુરાંત) | ૨૫.૭૪ |
| વ્યાજખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૯.૬૩ |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની ખાધ/(પુરાંત) | **૩.૮૩** |
| | |
| **સંચિત ખાધ/(પુરાંત)** | **૩૯.૨૧** |

૧.૨૦ ટીપીએલ-ડી(ડી) એ સંચિત ખાધની વસુલાત તા. ૧ એપ્રીલ ૨૦૨૪ થી શરુ કરીને બે વર્ષનાં સમયગાળા દરમિયાન રુ ૦.૨૪ પ્રતિ યુનીટના રેગ્યુલેટરી ચાર્જ દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૨૧ ટીપીએલ-ડી(ડી) એ જણાવે છે કે ફુગાવાનું દબાણ હોવા છતાં, ટીપીએલ-ડી(ડી) તેનો ખર્ચ કાર્યક્ષમતા ના સુધારા મારફતે પ્રબંધ કરી રહ્યું છે. નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સૂચિત વીજદરે, ટીપીએલ-ડી(ડી) ને ખાધની વસૂલાત કરવા અને ટીપીએલ-ડી(ડી) ને પાવરની ગુણવત્તા, વિશ્ર્વસનીયત્તા અને ગ્રાહક સેવાના ઉચ્ચ સ્તરો જાળવવી રાખવા અનિર્વાય છે.

૧.૨૨ વધુમાં, માનનીય કમીશન/ માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ સુધારા અરજી/સમીક્ષાઓના નિર્ણયો સંબંધિત ખાધ/ કેરીંગ કોષ્ટને જુરી રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

૧.૨૩ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે, ટીપીએલ-ડી એ રૂ.૧.૫૦ પ્રતી યુનીટ ના વધારાના વીજદરે વૈકલ્પિક “ગ્રીન ટેરિફ” ને ચાલુ રાખવાની દરખાસ્ત કરેલ છે.